



# મોદી કેબિનેટમાં આનંદીબેન-વજુભાઈ વાળા નિશ્ચિત

## ૨૬મીએ નરેન્દ્ર મોદીના શપથ બાદ ટુંકમાં જ અન્ય પ્રધાનોને શપથ લેવડાવાશે : અમિત શાહ, નિતિન પટેલ, ગણપતભાઈ, રાકેશ શાહને પણ તક મળી શકે

અમદાવાદ,તા. ૨૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ નરેન્દ્ર મોદી હવે તેમના પ્રધાનમંડળની રચનાને લઈને પણ ગણતરીનો દોર શરૂ કરી ચુક્યા છે. મળેલી માહિતી મુજબ વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કરનાર અને ભવ્ય જીત મેળવનાર સભ્યોની જીત તેમના કેબિનેટમાં નિશ્ચિત દેખાઈ રહી છે. બીજી બાજુ મોદી યુવા મતદારોના ભારે ઉત્સાહ બાદ કેટલાક યુવા અને નવા ચહેરાને પણ તક આપી શકે છે. મોદી કેબિનેટમાં કોણ કોણ રહેશે તેને લઈને ચર્ચાનો દોર ચાલી રહ્યો છે ત્યારે કેટલાકની એન્ટ્રી પહેલાથી જ નિશ્ચિત દેખાઈ રહી છે. મોદી અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમમાં શાનદાર કાર્યક્રમમાં શપથ લેનાર છે. મોદીના શપથ બાદ સપ્તાહના ગાળામાં અન્ય પ્રધાનોને શપથ લેવડાવવામાં આવશે. સંભવિત નામ કોણ હશે તેને લઈને ચર્ચા શરૂ થઈ છે. સુત્રોએ કહ્યું છે કે પ્રથમ તબક્કામાં ૧૫થી ૨૦ પ્રધાનો શપથ લેશે. ત્યારબાદ કેબિનેટમાં સંખ્યાબળને વધારવામાં આવી શકે છે. મોદીના પ્રધાનમંડળમાં ઘાટલોડિયા વિધાનસભાની બેઠખ પરથી શાનદાર જીત મેળવનાર આનંદીબેન પટેલ અને વજુભાઈ વાળાની એન્ટ્રી નિશ્ચિત દેખાઈ રહી છે.

એલિશબ્રિજ મત વિસ્તારમાંથી શાનદાર જીત મેળવનાર રાકેશ શાહની એન્ટ્રી પણ આ વખતે નિશ્ચિત દેખાઈ રહી છે. ઉપરાંત અન્ય જે નામો પર ચર્ચા ચાલી રહી છે તેમાં અમિત શાહ, નિતિન પટેલ, વિભાવરી બેનનો સમાવેશ થાય છે. ઉપરાંત ગણપતભાઈ વસાવા, મંગુભાઈ પટેલ, પ્રદીપ સિંહ જાડેજાના નામ પર ચર્ચા ચાલી રહી છે. રણછોડભાઈ રબારી, આરએમ પેટલ, શંકર ચૌધરી, લીલાધર વાઘેલા, દિલિપ ઠાકોર, સૌરભ પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમાને પણ તક મળી શકે છે. સૌરાષ્ટ્રમાં ભાજપને કેશુભાઈ પટેલની પાર્ટીના કારણે કોઈ મોટુ નુકસાન થયું નથી જેથી સૌરાષ્ટ્રમાંથી વાળા, ઉપરાંત જયંતિભાઈ કાવડિયા, વસુબેન ત્રિવેદી, પરસોતમ સોલંકી અથવા તો હિરાભાઈને તક મળી શકે છે. કેશુભાઈ નાકરાણી, ચિમનભાઈ સાપરિયા, મહેન્દ્ર મશરુને પણ તક આપવામાં આવી શકે છે. કેબિનેટમાં પ્રધાનોની સંખ્યા શરૂઆતમાં ઓછી રાખવામાં આવી શકે છે પરંતુ મોડેથી તેને વધારવામાં આવી શકે છે.

# સૌરાષ્ટ્રમાં ભાજપના ગઢમાં કેશુભાઈના લીધે ગાબડાઓ

## અન્યાય, દુષ્કાળ, ખેડૂતોની આત્મહત્યા તેમજ પાણીની સમસ્યા જેવા પરિબળોના કારણે ભાજપને નુકસાન થયું

રાજકોટ, તા. ૨૧

કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટી પોતે કોઈ વધારે સફળતા મેળવવામાં સફળ રહી નથી પરંતુ ભાજપને ભારે નુકસાન કરવામાં ચોક્કસપણે સફળ રહી છે. ધારણા પ્રમાણે કેશુભાઈ પટેલના કારણે આઠથી દસ બેઠકોનું નુકસાન થયું છે. જાણકાર લોકોનું કહેવું છે કે જો કેશુભાઈ પટેલની પાર્ટી મેદાનમાં ના રહી હોત તો ભાજપે સૌરાષ્ટ્રમાં વધુ ૮-૧૦ બેઠકો જીતી હોત. સીમાંકન બાદ સૌરાષ્ટ્રમાં ચાર બેઠકો ઘટી ગઈ છે.

કેશુભાઈ પટેલની ઉપસ્થિતિના કારણે અન્યાય, દુષ્કાળ, ખેડૂતોની આત્મહત્યા અને પાણીની સમસ્યાની સામે લેઉવા પટેલના લોકોને એકત્રિત કરવામાં આવ્યા હતા અને મોદી સામે ઝુંબેશ ચલાવવામાં આવી હતી. નરેન્દ્ર મોદીના વિરોધીઓને અહીં યોગ્ય જવાબ આપવાની તક મળી હતી. પહેલાંથી જ માનવામાં આવી રહ્યું હતું કે સૌરાષ્ટ્રમાં ભાજપને ભારે નુકસાન થશે પરંતુ રિઝલ્ટ આવ્યા બાદ ભાજપને વધારે નુકસાન ન થતાં આનશિંક રાહત થઈ છે. લોકોએ મોદીના વિકાસના મુદ્દાને સ્વીકાર્યો છે. ભાજપે અહીં વર્ષ ૨૦૧૨માં ૩૫ બેઠકો જીતી છે જ્યારે ૨૦૦૭માં ભાજપના બેઠકોની સંખ્યા ૪૩ હતી. સૌરાષ્ટ્રમાં ૫૩ બેઠકો પૈકી ભાજપે ૩૫ બેઠકો જીતી છે. તેમની ટીમ સાથે ભાજપે મેદાનમાં ન ઝંપલાવ્યું હોત તો ભાજપે ૪૩ સીટની આસપાસ બેઠકો મેળવી હોત. કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીએ બે બેઠકો જીતી છે. એનસીપીએ એક બેઠક જીતી છે જ્યારે બાકીની બેઠકો કોંગ્રેસને મળી છે. ભાજપ અને કોંગ્રેસ પ્રમુખ આરસી ફળદુ અને અર્જુન મોઢવાડિયાને અહીં મોટો ફટકો પડ્યો છે. બંનેની અહીં હાર થઈ છે. જીપીપીના ગોરધન ઝડફિયાને પણ ગોંડલમાં હારનો સામનો કરવો પડ્યો છે.

તબીબમાંથી રાજકારણ બનેલા કનુભાઈ કલસાણીયાના પક્ષ સદ્ભાવના મંચને કોઈપણ ફાયદો મળ્યો નથી. કલસાણીયા સહિત તમામ ઉમેદવારોની હાર થઈ છે. કોંગ્રેસે પરંપરાગત રાજકોટ પૂર્વ બેઠક જાળવી રાખી છે. સૌરાષ્ટ્રમાં ભાજપને જુદા જુદા કારણોસર નુકસાન થયું છે.

### સૌરાષ્ટ્રની સ્થિતિ..

સૌરાષ્ટ્રમાં સીમાંકન બાદ બેઠકોની સંખ્યામાં ઘટાડો થયો છે. અહીં ભાજપને ફટકો પડ્યો છે. આંકડા નીચે મુજબ છે.

| વર્ષ | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ૨૦૦૭ | ૪૩ | ૧૪ | ૧ |
| ૨૦૧૨ | ૩૫ | ૧૬ | ૩૬ |

### કેબીનેટમાં કોની એન્ટ્રી થઈ શકે

અમદાવાદ, તા. ૨૧

૧. આનંદીબેન પટેલ
૨. વજુભાઈ વાળા
૩. અમિતશાહ
૪. નીતિન પટેલ
૫. રણછોડભાઈ રબારી
૬. રાકેશશાહ
૭. પ્રદિપસિંહ જાડેજા
૮. પંકજ દેસાઈ
૯. આરએમ પટેલ
૧૦. ગણપતભાઈ વસાવા
૧૧. શંકર ચૌધરી
૧૨. લીલાધર વાઘેલા
૧૩. સૌરભ પટેલ
૧૪. ભૂપેન્દરસિંહ ચુડાસમા
૧૫. દેવુસિંહ ચૌહાણ
૧૬. રમણલાલ વોરા
૧૭. જ્યંતિભાઈ કાવડિયા
૧૮ વિભાવરી બેન
૧૯. વસુબેન ત્રિવેદી
૨૦. પરષોત્તમ સોલંકી
૨૧. હિરાભાઈ સોલંકી
૨૨. કેશુભાઈ નાકરાણી
૨૩. ચિમનભાઈ સાંપરિયા
૨૪. મહેન્દ્ર મશરુ

# કેશુભાઈ પટેલે ભાજપની ૧૦ બેઠકો પર જીત અટકાવી દીધી

## ગુજરાત પરિવર્તન પાર્ટી ન હોત તો ભાજપે ૧૩૦ બેઠકોનો આંકડો મેળવ્યો હોત : કોંગ્રેસને સીધો જ ફાયદો

રાજકોટ, તા. ૨૧

ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીનો વિધાનસભાની ચૂંટણીમાં ફ્લોપ શો રહ્યો છે પરંતુ ગુજરાત પરિવર્તન પાર્ટીએ સૌરાષ્ટ્રમાં ભાજપની વધુ શાનદાર જીતને અટકાવી દીધી છે. જો ગુજરાત પરિવર્તન પાર્ટી ન રહી હોત તો ભાજપે ૧૩૦ બેઠકોના આંકડાને પાર કરી દીધો હોત. જીપીપીના ઉમેદવારોએ ઓછામાં ઓછી ૧૦ બેઠકો ઉપર ભાજપને નુકસાન પહોંચાડ્યું છે. પરિણામો દર્શાવે છે કે જીપીપીની હાજરીથી સૌરાષ્ટ્રમાં ૧૦ બેઠકો ભાજપને ગુમાવવી પડી છે જેમાં તલાલા, લાઠી, પાલીતાણા, લીંબડી, વાકાનેર, રાજકોટ પૂર્વ, જસદણ, જેતપુર, ધોરાજી અને માણાવદરનો સમાવેશ થાય છે. કેશુભાઈ પોતે કનુ ભાલાલાને વિસાવદરમાં હાર આપી જીતી ગયા છે જયારે જીપીપીના નલીન કોટડિયાએ ધારી વિધાનસભા બેઠક જીતી લીધી છે. તેઓએ મનસુખ ભુવાને હાર આપી હતી. ભાજપના ભૂતપૂર્વ સભ્ય કોટડિયા, કેશુભાઈ પટેલ સાથે જોડાઈ ગયા હતા. વાંકાનેરમાં પણ જીપીપીએ ભાજપનું ચિત્ર બગાડી કાઢ્યુંછે. અહીં ભાજપને કોંગ્રેસ પાસેથી સીટ મેળવવાની તક હતી. જીપીપીના પરસોત્તમ બાવાલાવા ૨૦,૦૦૦ મત પણ મેળવી શક્યા નથી પરંતુ ભાજપના જીતુ સોમાની આ બેઠક ઉપર ચોક્કસપણે જીતી શક્યા હોત.

રાજકોટ પૂર્વમાં ભાજપે કશ્યપ શુક્લાને મેદાનમાં ઉતાર્યા હતા પરંતુ જીપીપીના પ્રવીણ આંબલિયાએ ૧૫૦૦૦-૨૦૦૦૦ મત મેળવ્યા હતા જેથી પ્રથમ વખત ભાજપની પરંપરાગત બેઠક કોંગ્રેસે જીતી લીધી હતી. ભાજપના વર્તમાન સભ્ય કિરીટસિંહ રાણા પણ જીપીપીના ઉમેદવારના કારણે જ હેરાન થયા છે. જીપીપીના નાથુ કામલિયાએ ભાજપના ગોવિંદ પરમારની તલાલા બેઠક ઉપર જીત અટકાવી દીધી છે. અહીં નાથુએ ૧૦૫૯૯ મત મેળવ્યા હતા. આ મત વિસ્તારમાં ૨૦,૦૦૦ લેવા પટેલ મતદારો પણ છે. ભાજપના રાજ્ય પ્રમુખ આર સી ફળદુ પણ જામનગરમાંથી હારી ગયા છે. જીપીપીના પ્રાણજીવન કુંદાળિયાના કારણેભાજપની અહીં હાર થઈ છે. ગુજરાતમાં લોકોએ ક્યારેય પ્રાદેશિક પક્ષોને સ્વીકાર્યા નથી પરંતુ નુકસાન પહોંચાડવામાં ચોક્કસપણે સફળ રહ્યા છે.

### કઈ ૧૦ બેઠકો ભાજપને બીજી મળી ગઈ હોત..

જીપીપીની ગેરહાજરીમાં ભાજપે વધુ ૧૦ બેઠકો જીતવામાં સફળતા મેળવી હોત પરંતુ કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીને ભાજપની ૧૦ બેઠકોને નુકસાન પહોંચાડ્યું છે. સૌરાષ્ટ્રમાં જીપીપીની હાજરીના કારણે જે ૧૦ બેઠકો ભાજપને ગુમાવવી પડી તે નીચે મુજબ છે. તલાલા, લાઠી, પાલીતાણા, લીંબડી, વાંકાનેર, રાજકોટ પૂર્વ, જસદણ, જેતપુર, ધોરાજી અને માણવદર

# ઉત્તર ગુજરાતમાં ભાજપને નવ સીટનું નુકસાન થયું છે

## પાંચ જિલ્લામાં કુલ ૩૨ બેઠકો પૈકી ભાજપ અને કોંગ્રેસ બંનેને ૧૬-૧૬ બેઠકો : કોંગ્રેસને ૯ સીટનો ફાયદો થયો

અમદાવાદ, તા. ૨૧

ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસને સંતોષજનક દેખાવ કરવામાં સફળતા મળી છે. એકબાજુ નરેન્દ્ર મોદીનો જાદુ ગુજરાતની મોટાભાગની બેઠકો ઉપર જોવા મળ્યો છે ત્યારે કોંગ્રેસે ઉત્તર ગુજરાતમાં પોતાની સ્થિતિને મજબૂત બનાવી છે. ઉત્તર ગુજરાતમાં વર્ષ ૨૦૦૭ની સરખામણીમાં કોંગ્રેસે વર્ષ ૨૦૧૨માં વધુ સારો દેખાવ કર્યો છે અને અગાઉની ચૂંટણી કરતા વધુ નવ બેઠક જીતી છે.

વર્ષ ૨૦૦૭માં કોંગ્રેસે ઉત્તર ગુજરાતમાં સાત બેઠક જીતી હતી જ્યારે આ વખતે ૧૬ બેઠક જીતી છે. બીજી બાજુ ભાજપે વર્ષ ૨૦૦૭માં ૨૫ બેઠકો ઉત્તર ગુજરાતમાં મેળવી હતી જ્યારે આ વખતે માત્ર ૧૬ બેઠકો મળી છે. ટૂંકમાં ભાજપને નવ બેઠકોનું નુકસાન થયું છે અને કોંગ્રેસને નવ બેઠકોનો સીધો ફાયદો થયો છે. પાંચ જિલ્લાઓ મહેસાણા, પાટણ, ગાંધીનગર, બનાસકાંઠા અને સાબરકાંઠામાં મેદાનમાં ઉતરેલા સાત પ્રધાનો પૈકીના પાંચની હાર થઈ છે જેમાં જયનારાયણ વ્યાસ, ફકીર વાઘેલા, જયશ્રી ચૌહાણ, પ્રભાત પટેલ, પ્રફુલ્લ પટેલનો સમાવેશ થાય છે.

ભાજપના એક માત્ર શિક્ષણ પ્રધાન રમણલાલ વોરા ઈડરમાં જીત મેળવવામાં સફળ રહ્યા છે. શહેરી વિકાસ પ્રધાન નિતીન પટેલની બેઠક તેમની કડી બેઠક અનામત બની ગયા બાદ મહેસાણામાં શિફ્ટ કરવામાં આવી છે. નીતિન પટેલ પણ જીતી જવામાં સફળ રહ્યા છે. વર્ષ ૨૦૦૭ની ચૂંટણીમાં ભાજપે પાંચ જિલ્લાઓમાં ૩૨ બેઠકો પૈકી ૨૫ સીટ જીતીને સપાટો બોલાવ્યો હતો. આ વખતે બંને પક્ષોએ ૧૬-૧૬ બેઠકો જીતી છે. કોંગ્રેસે દાતા, ભિલોડા, ખેડબ્રહ્મા જેવી આદિવાસી બેઠકો ઉપર વધુ સારો દેખાવ કર્યો છે.

બનાસકાંઠા અને સાબરકાંઠામાં કોંગ્રેસને ગયા વખતે નુકસાન થયું છે. પરંતુ કોંગ્રેસે બદલાયેલા જાતિય સમીકરણોના આધાર ઉપર આ વખતે ફાયદો થયો છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ કોંગ્રેસે અહીં મોટાભાગની બેઠકો જાળવી પણ રાખી છે.

### ઉત્તર ગુજરાતની સ્થિતિ

ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસને આ વખતે સીધો ફાયદો થયો છે. જ્યારે ભાજપને અગાઉ કરતા નુકસાન થયું છે. આંકડા નીચે મુજબ છે.

| વર્ષ | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ૨૦૦૭ | ૨૫ | ૭ | ૦ |
| ૨૦૧૨ | ૧૬ | ૧૬ | ૦ |

# મધ્ય ગુજરાતમાં ભાજપની ૭ બેઠકો વધી : ફાયદો થયો

વડોદરા, તા. ૨૧

મધ્ય ગુજરાતમાં વિપક્ષી કોંગ્રેસ અને શાસક ભાજપની ગણતરી એક સમાન રહી છે. વર્ષ ૨૦૦૭ સુધી આ પ્રદેશમાં ૫૭ બેઠકો હતી. મધ્ય ગુજરાતમાં સીમાંકન બાદ બેઠકોની સંખ્યામાં વધારો થયો છે અને ચાર સીટ વધી ગઈ છે.

### મધ્ય ગુજરાતની સ્થિતિ

મધ્ય ગુજરાતમાં સીમાંકન બાદ ચાર સીટો વધી ગઈ છે. ૨૦૦૭ અને ૨૦૧૨ના ચૂંટણીના પરિણામ આ ક્ષેત્રમાં કેવા રહ્યા તે નીચે મુજબ છે.

| વર્ષ | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ૨૦૦૭ | ૩૦ | ૨૪ | ૩ |
| ૨૦૧૨ | ૩૬ | ૨૩ | ૨ |

નોંધ : મધ્ય ગુજરાતમાં સીમાંકન બાદ ચાર સીટ વધી

સીમાંકન બાદ સંખ્યા વધીને મધ્ય ગુજરાતમાં ૬૧ ઉપર પહોંચી ગઈ છે. ભાજપે આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કરીને ૩૬ બેઠકો જીતી લીધી છે જ્યારે વર્ષ ૨૦૦૭માં ભાજપે ૩૦ બેઠકો ઉપર જીત મેળવી હતી. જ્યારે કોંગ્રેસે ૨૦૦૭માં ૨૪ બેઠકો જીતવામાં સફળતા મેળવી હતી પરંતુ આ વખતે ૨૩ બેઠકો જીતવામાં સફળતા મેળવી છે. વડોદરા અને દાહોદ જિલ્લામાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. સીમાંકનના કારણે તેના ઉમેદવારોને માઠી અસર થઈ છે. ભાજપને ડભોઈ અને કરજણ બેઠક ઉપર સ્પષ્ટપણે ફાયદો થયો છે. અગાઉ આ બેઠકો કોંગ્રેસ પાસે હતી. દાહોદમાં ભાજપ છ સીટો પૈકી એક સીટ ધરાવે છે પરંતુ આ વખતે તેમની સંખ્યા વધીને ત્રણ ઉપર પહોંચી છે. દેવગઢ બારિયામાં વલણ ભાજપ તરફ થઈ ગયું છે. કારણ કે એનસીપીના વર્તમાન ધારાસભ્ય તુષારસિંહ ભાજપમાં જોડાઈ ગયા હતા અને જાતી સમીકરણો ભાજપના બચુ ખબાડની તરફેણમાં થયા હતા. આવી જ રીતે ફતેપુરાના વર્તમાન ધારાસભ્ય દીતા મચ્છર શાસન વિરોધી પરિબળના લીધે હારી ગયા છે. આણંદ અને ખેડાના જિલ્લામાં ભાજપની તરફેણમાં ૧૪ બેઠકો ગઈ છે જ્યારે કોંગ્રેસને ૯ બેઠકો અને તેના સાથી પક્ષ એનસીપીને એક બેઠક મળી છે. વર્ષ ૨૦૦૭માં કોંગ્રેસે ૧૦ અને એનસીપીએ એક બેઠક જીતી હતી. એ વખતે ૧૭ બેઠકો પૈકીનું આ પરિણામ રહ્યું હતું.

# દક્ષિણ ગુજરાતમાં કોંગ્રેસનો સફાયો : ભાજપની બેઠક વધી

## સુરત શહેરમાં ભાજપે તમામ ૧૨ બેઠકો જીતી : દક્ષિણ ગુજરાતમાં ૩૫ પૈકી ૨૮ બેઠકો પર વર્ચસ્વ જમાવી લીધું

સુરત, તા.૨૧

અન્યાયની સામે લેઉવા પટેલ સમુદાયના લોકોને એકત્રિત કરવાના છેલ્લી ઘડીના પ્રયાસો કરવામાં આવ્યા હતા. મા ખોડલ મંદિર માટે આધારશીલા મૂકવાના એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વરાછામાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને અહીં લાખોની સંખ્યામાં લેઉવા પટેલ સમુદાયના લોકો એકત્રિત થયા હતા જેથી ભાજપ આ કાર્યક્રમને લઈને હચમચી ઉઠ્યો હતો.

ભાજપના સભ્યોમાં નવી ગણતરીનો દોર શરૂ થયો હતો પરંતુ ચૂંટણી પરિણામો દર્શાવે છે કે સૌરાષ્ટ્રના આ સમુદાયના લોકો ભાજપની સાથે જ રહ્યા છે. ટૂંકમાં લેઉવા પટેલ સમુદાયના લોકો ભાજપને છોડી શક્યા નથી. ભાજપે સુરત શહેરમાં કોંગ્રેસનો સંપૂર્ણપણે સફાયો કર્યો છે. ભાજપે તમામ ૧૨ બેઠકો જીતી લેવામાં સફળતા મેળવી છે.

દક્ષિણ ગુજરાતમાં ભાજપે તેની મહત્વની બેઠકો જાળવી રાખી છે. ભાજપે દક્ષિણ ગુજરાતમાં વર્ચસ્વ જાળવી રાખીને ૩૫ બેઠકો પૈકીની ૨૮ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો છે. લીંબાયત અને ઉંબર ગામમાં ભાજપના બળવાખોરો ભાજપને ખૂબ ઓછું નુકસાન કરી શક્યા છે. આદિવાસી વિસ્તારોમાં ભાજપે ૧૭ બેઠકો પૈકી ૧૦ બેઠકો જીતી લીધી છે.

જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે વણબંધુ કલ્યાણ યોજના, ગરીબ કલ્યાણ મેળા જેવા કાર્યક્રમોના કારણે મતદારો ભાજપ તરફ આકર્ષિત થયા હતા. બીજી બાજુ કોંગ્રેસનો સંપૂર્ણપણે સફાયો થયો છે. ભરૂચમાં કોંગ્રેસની હાલત કફોડી બની છે.

સાત બેઠકો પૈકી માત્ર એક જ બેઠક કોંગ્રેસને મળી છે. ભાજપ અગાઉ કરતા વધુ સારો દેખાવ કરવામાં સફળ રહ્યો છે. વર્ષ ૨૦૦૭માં ભાજપે અહીં ૧૯ બેઠકો જીતી હતી જેમાં ભાજપની નવ બેઠકો હવે વધી ગઈ છે.

### દક્ષિણ ગુજરાતની સ્થિતિ

દક્ષિણ ગુજરાતમાં ભાજપે તેની સ્થિતિ વધુ મજબૂત બનાવી છે. ૨૦૦૭ની સરખામણીમાં તેની સીટોની સંખ્યામાં વધારો થયો છે. આંકડા નીચે મુજબ છે.

| વર્ષ | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ૨૦૦૭ | ૧૯ | ૧૪ | ૨ |
| ૨૦૧૨ | ૨૮ | ૬ | ૧ |